કેસ દાખલ તારીખઃ૦૭/૦૬/૨૦૧૮
રજી.થયા તારીખઃ૦૭/૦૬/૨૦૧૮
ફેસલ કર્યા તારીખઃ૩૦/૦૪/૨૦૨૨
સમય ગાળોઃવર્ષ..... માસ.....દિવસ.....

અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ
નંબરઃ૨૩.માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબરઃ૭૩૬૨૫/૨૦૧૮.
આંકઃ...

ફરીયાદીઃ– શ્રી સરકાર.

વિરૂદ્ધ.

આરોપીઃ– (૧) ભીખાભાઈ સિતારામભાઈ બારોટનાઓને
રહેઃ૭૨, શક્તિવિજય સોસાયટી, પંચદેવ મંદિર પાસે,
અર્બુદા નગર, ઓઢવ, અમદાવાદ.

(૨) કલ્પેશ અશોકભાઈ રાઠોડ
રહેઃ૦૪, શક્તિ વિજય સોસાયટી, પંચદેવ મંદિર પાસે,
અર્બુદાનગર, ઓઢવ, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી બી.આર.બારોટ.
આરોપી તરફે વિ.વ.શ્રી એમ.કે.સુથાર.

---

## ગુનોઃ ધી જુગાર ધારાની કલમઃ૧૨(અ) મુજબ.

---

## – ચુ કા દો –

---

૧. ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૫-૪-૨૦૧૮ નાં કલાકઃ૧૭-૧૦ વાગે ઓઢવ, શકિત વિજય સોસાયટીના ગેટ આગળ જાહેરમાં આરોપીઓએ બોમ્બે વરલી મટકાના આંક ફરકનો જુગાર રમી રમાડતા સટ્ટો લખેલ સ્લિપો બે કિ.રૂા.૦૦-૦૦ તથા બોલપેન કિ.રૂા.૦૦-૦૦ તથા રોકડ રૂા.૬૪,૪૩૦/- તથા ત્રણ મોબાઈલ ફોન કિ.રૂા.૧૧,૦૦૦/- મળી કુલ્લે રૂા.૭૫,૪૩૦/- મત્તા સાથે રાખી મળી આવી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીએ કાયદેસરની તપાસ કરતા આરોપીઓ સામે પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

૨. આ કામનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓને સમન્સની બજવણી કરવામાં આવતાં આરોપીઓને સમન્સની ધારા ધોરણસર બજવણી થતા આરોપી નામદાર કોર્ટમાં હાજર થયેલા છે. ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૦૭ મુજબ વિનાં મૂલ્યે પોલિસ પેપર્સની નકલો આરોપીઓને આપવામાં આવેલ છે અને તે મળી ગયાની ખાત્રી કરવામા આવેલ છે. ત્યારબાદ આરોપીઓની ગુના સંબધે પ્લી આંક-૨ તથા ૩ થી નોંધવામાં આવેલ છે તેમાં આરોપીઓને ફરીયાદની હકીકત વાંચી સંભળાવી સમજાવવામા આવતા આરોપીઓએ ગુનો કબુલ નહી હોવાનું જણાવેલ છે.

ત્યારબાદ કેસની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

૩. ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | ફરીયાદી પો.કો. ભરતભાઈ મુળજીભાઈ ની જુબાની | ૦૪ |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| ૧ | ફરીયાદ | ૦૫ |
| ૨ | પંચનામુ | ૦૭ |

૪. ફરીયાદપક્ષ દ્વારા ઉપરોક્ત પુરાવા સિવાય અન્ય પુરાવાઓ રજુ રાખવામા આવેલ નથી. ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષમાં નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ બંને પક્ષકારોના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૫. ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણય સારૂ નીચે મુજબ મુદ્દા ઉપસ્થિત થાય છે.

–૦ મુ દ્દા ૦ –

(૧) શું ફરિયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા.૫–૪–૨૦૧૮

નાં કલાકઃ૧૭–૧૦ વાગે ઓઢવ, શકિત વિજય સોસાયટીના ગેટ આગળ જાહેરમાં આરોપીઓએ બોમ્બે વરલી મટકાના આંક ફરકનો જુગાર રમી રમાડતા સટ્ટો લખેલ સ્લિપો બે કિ.રૂા.૦૦–૦૦ તથા બોલપેન કિ.રૂા.૦૦–૦૦ તથા રોકડ રૂા.૬૪,૪૩૦/– તથા ત્રણ મોબાઈલ ફોન કિ.રૂા.૧૧,૦૦૦/– મળી કુલ્લે રૂા.૭૫,૪૩૦/– મત્તા સાથે રાખી મળી આવી ધી જુગાર ધારાની કલમઃ૧૨ (અ) મુજબનો ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઊપરોકત મુદ્દાનાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## –ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ–

## મુદ્દા નંબરઃ૦૧.

ફરીયાદપક્ષ તરફથી આરોપી વિરૂદ્ધ ધી જુગાર ધારાની કલમઃ ૧૨(અ) મુજબના ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂદ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે. જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષનાં શીરે રહેલો હોય છે. તેમજ ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુલ્યાકન કરી કેસનાં ન્યાય નિર્ણય ઊપર પહોચવાનું રહે છે.

૭. ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા સારૂ આંક–૪ થી ફરીયાદી

પો.કો.ભરતભાઈ મુળજીભાઈ ને તપાસવામાં આવેલા છે તેઓ જણાવે છે કે, તા.૫–૪–૨૦૧૮ ના નાયબ પો.કમિ.શ્રી ઝોન–૫ સ્કવોર્ડમાં ફરજ પર હાજર હતા. પી.એસ.આઈ.શ્રી એમ.એચ.યાદવ સાથે તેઓ તથા અન્ય સ્ટાફના માણસો, હે.કો. જયેશભાઈ, એ.એસ.આઈ. સંજયસિંહ, પો.કો. કનુભાઈ, પો.કો. કાનાભાઈ, પો.કો. પ્રદિપસિંહનાઓ સાથે ઝોન–૫ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. ફરતા ફરતા કલાક–૧૬–૦૦ વાગે ઓઢવ વિસ્તારમાં વિમલપાર્ક સર્કલ આવતા, હે.કો.જયેશભાઈએ પી.એસ.આઈ.શ્રી ને બાતમી આપેલી કે, એક ઈસમ જેણે બિસ્કીટ કલરનુ પેન્ટ કાળો લાઈનીંગ વાળો શર્ટ પહેર્યો છે તે નામે ભીખાભાઈ બારોટ. શક્તિપાર્ક સોસાયટીના ગેટ પાસે, વરલી મટકાનો જુગાર રમી રમાડે છે. વધુમાં સાહેદ જણાવે છે કે, હાલમાં પ્રવૃતિ ચાલે છે જેથી તેમના સાહેબે ૨ પંચો બોલાવી, પંચો સાથે બાતમી વાળી જગ્યાએ ચાલતા જવા રવાના થયેલા. જોતા આ વર્ણનવાળો ઈસમ હાથમાં કાગળ પેન લઈને સટ્ટો લખાવતો જણાઈ આવેલો. જેથી તેને કોર્ડન કરી રોકી લઈ નામ–ઠામ પુછતા ભીખાભાઈ બારોટનુ જણાયેલુ તેની અંગઝડતી કરતા તેમની પાસેથી એક બોલપેન, સાદા કાગળમાં લખેલી ચિઠ્ઠીઓ મળેલી. અંગઝડતીમાથી રૂા.૫૮,૪૩૦/– રોકડા, તથા મોબાઈલ ફોન મળેલા. વધુમાં સાહેદ જણાવે છે કે, તેની પાસે સટ્ટો લખાવા આવેલા ઈસમે તેનુ નામ કલ્પેશ રાઠોડ જણાવેલુ. તેની પાસે અંગઝડતી કરતા રૂા.૬,૦૦૦/– મોબાઈલ ફોન મળેલો.પી.એસ.આઈ.શ્રી સાથે મુદ્દામાલ પંચનામુ કરી કબજે કરેલો. આરોપીઓ સામે સરતપાસ ફરીયાદ લખાવી ગુનો દાખલ કરાવેલો. અસલ ફરીયાદ બતાવવામાં આવતા તેમાં તેમની સહી ઓળખી બતાવતા ફરીયાદ આંક–૦૫ થી રજુ છે. તેમજ આરોપીઓને ઓળખે છે.

ફરીયાદીની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ એ વાતનો સ્વિકાર કરેલ છે કે, પેટ્રોલીંગમાં જતા પહેલા કોઈ નોંધ કરેલી નહી. વિમલપાર્ક સર્કલ જાહેર રસ્તો હોવાથી માણસોની અવરજવર હોય છે. તેમજ તેની આસપાસ દુકાનો, રહેઠાણ આવેલા છે.

૮. ફરીયાદપક્ષે રજુ થયેલા પ્રસ્તુત પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે ફરીયાદપક્ષ દ્વારા એકમાત્ર ફરીયાદીને તપાસવામાં આવેલા છે તે સિવાય અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી. ફરીયાદીનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ તેમની ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવવાળી જગ્યાએ પંચો રૂબરૂ રેડ કરવામાં આવેલ પરંતુ તે બાબતે કોઈ પંચ સાહેદને તપાસવામાં આવેલા નથી. પરંતુ માત્ર પંચનામુ રજુ રાખવામાં આવેલ છે તેટલા માત્રથી પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. વધુમાં ફરીયાદીની બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો વિમલપાર્ક સર્કલ જાહેર રસ્તો હોવાથી માણસોની અવરજવર હોય છે. તેમજ તેની આસપાસ દુકાનો, રહેઠાણ આવેલા છે. પરંતુ આ કામે તેવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ હોય કે સોગંદ પર તપાસવામાં આવેલ હોય તેવી કોઈ જ હકીકત પુરવારથતી નથી તેવા સંજોગોમાં સ્વતંત્ર સાહેદોના પુરાવા વગર ફરીયાદપક્ષનો કેસ અધુરો રહી જવા પામે છે. આમ, ફરીયાદપક્ષ દ્વારા તપાસવામા આવેલા એકમાત્ર ફરીયાદીની જુબાની પર આધાર રાખીને આ કામના આરોપીને સદર ગુના હેઠળ કસુરવાર ઠરાવી શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનુ માનવુ છે. જેથી ઉપરોક્ત કરેલ ચર્ચાનુસાર મુદ્દા નંબરઃ૦૧ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે. જ્યારે મુદ્દા નંબરઃ૨ પરત્વે નિચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## – હુકમ–

(૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૧) અન્વયે ધી જુગાર ધારાની કલમઃ૧૨(અ) મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામા આવે છે.

(૨) આ કામના આરોપીએ આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમઃ ૪૩૭(એ) અન્વયે જાત–મુચરકા અને જામીનખત રજુ રાખવા.

(૩) આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ ચલણી નાણાં સરકારશ્રી ખાતે જમા કરાવવા જ્યારે બાકીનો મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજ તારીખઃ.૩૦મી, એપ્રિલ સને ૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળઃ અમદાવાદ
તા.૩૦/૦૪/૨૦૨૨

**(જિજ્ઞાશા માણેકલાલ ગજ્જર)**
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નંબરઃ૨૩.અમદાવાદ.
કોડ નંબરઃજીજે.૦૦૯૨૧.

આર.કે.સોનારા.